# ડીસા નાયબ કલેકટર કચેરી ખાતે મતદાન ટ્રેનીંગ સેન્ટર ખુલ્લું મુકાયું


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

ડીસા નાયબ કલેકટર કચેરી ખાતે આજે મતદારોમાં 'નોટા' એટલે કે 'નન ઓફ અબોવ' બટન જેવી નવી આધુનિક મતદાન પ્રક્રિયા, ઈવીએમ મશીનની જાણકારી સમજી શકે તેમજ મતદારો પોતાના મતને યોગ્ય તેમની પસંદના ઉમેદવારને 'વોટ' આપી શકે તે ઉમદા આશયથી ટ્રેનીંગ સેન્ટર ખોલવામાં આવેલ છે જેની આજે જિલ્લા કલેકટર મહેન્દ્ર પટેલે જાત માહિતી લીધી હતી.

આ ઘટનાની વિગતો જોઈએ તો ડીસાનાં નાયબ કલેકટર અને નાયબ ચૂંટણી અધિકારીની કચેરીમાં આજે ઈવીએમ મશીન નિર્દેશન અને મતદાન કુટીરની પ્રતિકૃતિ કેન્દ્ર ખોલવામાં આવેલ છે, આ મતદાન ટ્રેનીંગ સેન્ટર ખાતે આજથી ૨૮ એપ્રિલ સુધી કચેરી સમય દરમિયાન મતદાન માસ્ટર ટ્રેનર સહીતના અધિકારી મતદાન વિષે શિક્ષણ અને જાણકારી આપશે તો વળી ઈવીએમ મશીનમાં મુકવામાં આવેલ 'નોટા' એટલે 'નન ઓફ અબોવ' બટન જેવી નવી આધુનિક મતદાન પ્રક્રિયા વિષે પણ યોગ્ય સમજ આપવામાં આવશે જે મતદારોને ઈવીએમ મશીનમાં દર્શાવેલા ઉમેદવારોમાંથી કોઈ પસંદ ન પડે તે તેઓ 'નોટા' એટલે કે 'આમાંથી કોઈ નહિ' બટન પણ દબાવી શકે છે. મતદાતાનાં અધિકાર અને અન્ય સમજ પણ આપવામાં આવશે.

## પ્રાંતિજમાં ઠેર-ઠેર રામ જન્મ જયંતિની ઉજવણી

પ્રાંતિજ, તા. ૮

પ્રાંતિજ તાલુકાના અનેક રામજી મંદિરોમાં ભગવાન શ્રી રામની જન્મ જયંતિની ભારે ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી.

પ્રાંતિજ પાસેના હનુમાન મંદિર, રાસલોડમાં રામમંદિર સહિતના અનેક રામ મંદિરોમાં રામનવમી પર્વે વિશેષ પૂજા અર્ચના સહિત ભજન સંગીતના કાર્યક્રમોનું આયોજન મંદિરના પ્રમુખ રઈશભાઈ કસ્બાતી તેમજ ટ્રસ્ટી મંડળે કર્યુ હતુ.

ઉપરાંત નનાનપુર ગામે સ્વાધ્યાય પરિવારો દ્વારા ભગવાન રામની ભવ્ય શોભાયાત્રા તેમજ ચિંતનીકાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં રામ ભક્તો જોડાયા હતા.

# ડીસામાં અનોખુ મતદાન જાગૃતિ અભિયાન : ૪૦૦૦ રિક્ષા ચાલકો, ૫૦૦ જીપચાલકો સહીત અનેકો જોડાયા

ડીસા, તા. ૮

બનાસકાંઠાના ડીસામાં જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેક્ટર મહેન્દ્ર પટેલની અધ્યક્ષતામાં એક અનોખા મતદાન જાગૃતિ અભિયાનનો કાર્યક્રમ ડીસા મામલતદાર કચેરી ખાતે રખાયો હતો, જેમાં રિક્ષા એસોસીએશન અને ટેક્ષી એસોસીએશનનાં હજારો સભ્ય જોડાયા હતા, જેમને મતદાન જાગૃતિ અભિયાન તળે પોતાના વાહનો પાછળ બેનર લગાવી જાગૃતિ અભિયાન છેડ્યું હતું.

આજે ડીસા મામલતદાર કચેરી ખાતે યોજાયેલા એક અનોખા કાર્યક્રમમાં જિલ્લા કલેક્ટર મહેન્દ્ર પટેલ અને ડીસા નાયબ કલેક્ટર અને ચૂંટણી અધિકારી દિગંત બ્રહ્મભટ્ટ તેમજ ડીસા મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી અને ડી.વાય.એસ.પી. એચ.એલ. દેસાઈ અને પોલીસ અધિકારીઓની હાજરીમાં મતદાન જાગૃતિ અભિયાન હાથ ધરાયું હતું. જેમાં ૪૦૦૦ રિક્ષા ચાલકો, ૫૦૦ જીપચાલકો સહીત અનેકો જોડાયા હતા. આ તમામ


(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

વાહનચાલકોને જિલ્લા કલેક્ટર મહેન્દ્ર પટેલ લોકસભાની ચૂંટણીમાં મતદાન મહાદાનનો મહિમા સમજાવી તેમના વાહનો પાછળ મતદાન જાગૃતિ દર્શાવતા બેનરો લગાવી વધુમાં વધુ લોકો પોતાનો મતાધિકારનો ઉપયોગ કરે તેવી ઘેર-ઘેર જાગૃતિ ફેલાવવાની અપીલ કરાઈ હતી. આ અભિયાન તળે અધિકારી ગણે હાજર તમામ વાહનો પાછળ બેનરો અને ટેમ્પલેટો લગાવી પ્રચાર અને પ્રસાર અભિયાનને વેગ આપ્યો હતો. આ અભિયાનમાં વહીવટી કર્મચારી ગણ સાથે તમામ જોડાય અને વધુમાં વધુ લોકો મતદાન કરે તેવુ જણાવ્યું હતું.

# ધાનેરા પંથકમાંથી લીલાછમ્મ લાકડા ભરેલ ૧૦ ટ્રેક્ટર ઝડપાયા


(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

ધાનેરા, તા. ૮

બનાસકાંઠા જિલ્લામાં મોટા ભાગના ગ્રામ્ય વિસ્તારોમાં ખુલ્લેઆમ લીલા વૃક્ષોનું નિકંદન વન વિભાગની છત્રછાયા હેઠળ ચાલતુ હોવાના વ્યાપક આક્ષેપો વચ્ચે આજે લીલા લાકડા ભરેલ ૧૦ ટ્રેક્ટર ઝડપાયા હતા.

ધાનેરા પંથકમાં ઘણા સમયથી લીલા વૃક્ષોની કત્લેઆમ થઈ રહી છે. અગાઉની જેમ આજે ફરીથી લીલા લાકડા ભરેલા એક બે નહી પરંતુ દસ ટ્રેક્ટર થાપર પાસે ઝડપાતા સમગ્ર પંથકમાં ભારે ચકચાર મચી જવા પામી છે. આ કાર્યવાહી દરમિયાન રેન્જ ફોરેસ્ટરની ટીમે માત્ર સાત જ ટ્રેક્ટર ચાલકો સામે કેસ બતાવતા વન વિભાગ સામે પણ શંકા ઉઠવા પામી છે. તો બીજી તરફ આ ટ્રેક્ટરો વન વિભાગે પોતાના કબજે લેવાના બદલે શૉ મીલો વાળાને સોંપી દેવાતા અનેક તર્ક વિતર્કો ઉઠવા પામ્યા છે તેવું ધાનેરા પંથકના વૃક્ષપ્રેમીઓમાં ચર્ચાઈ રહ્યું છે.

## ધનસુરા એસ.ટી. સ્ટેન્ડે પીવાના પાણીની પરબ વર્ષોથી બંધ : મુસાફરો હેરાન

ધનસુરા, તા. ૮

ઉનાળાની આગ ઓકતી ગરમી શરૂ થઈ ગઈ છે. તરસ છીપાવવા પાણીની જરૂર પડતી હોય છે. ધનસુરા એસ.ટી. ડેપોમાં પાણીની પરબની પણ વ્યવસ્થા નથી. તેનાથી મુસાફરોને પાણી પીવા વલખા મારવા પડે છે.

ધનસુરા એસ.ટી. સ્ટેન્ડમાં પાણીની પરબ છેલ્લા કેટલાક સમયથી બંધ હાલતમાં છે. જેથી અહિંથી દરરોજ અપડાઉન કરતા મુસાફરોને પાણી પીવા માટે પાણીના પાઉચનો સહારો લેવો પડતો હોય છે. જેથી લોકોમાં ચર્ચા ચાલી રહી છે કે એસ.ટી. ડેપોના અધિકારીઓએ પાઉચ વેચતા લોકો પાસે સેટીંગ કરી લીધુ છે.

એસ.ટી. ડેપોનું તંત્ર ખાડે ગયુ હોય તેમ અહિના શૌચાલયોમાં પણ માથુ ફાટે તેવી ગંદકી ફેલાયેલી છે. જેથી અહિંના મુસાફરોને નાક બંધ કરીને બેસવાની ફરજ પડી રહી છે. મુસાફરોને રાત્રીના સમયે હળવો નાસ્તો કરવો હોય તો પણ થઈ શકતો નથી.

ડેપોમાં વર્ષોથી કેન્ટીન પણ બંધ હાલતમાં પડી રહી છે. સુત્રોના જણાવ્યા મુજબ એસ.ટી. ડેપોના અધિકારીઓએ કેન્ટીનનું ભાડુ સામાન્ય કરતા ઉંચુ રાખ્યું છે. જેથી કોન્ટ્રાક્ટરો આવે છે પણ ભાડુ સાંભળી કોન્ટ્રાકટર લેતા નથી ત્યારે સાબરકાંઠા-અરવલ્લી જિલ્લાની પ્રજાની સમસ્યાનો હલ ઝડપથી થાય તેમ પ્રજા ઈચ્છી રહી છે.

# પાટણમાં રામ નવમીની ભવ્ય ઉજવણી કરાઈ

પાટણ, તા.૮

કરોડો શ્રધ્ધાળુઓના આસ્થાના કેન્દ્રસમા અને મર્યાદા પુરુષોત્તમ ભગવાન શ્રીરામની જન્મ જયંતિની આજે ધાર્મિક નગરી પાટણમાં વિવિધ ધાર્મિક કાર્યક્રમો સાથે ઉજવણી થઈ હતી. જે અંતર્ગત પાટણના છીંડીયા દરવાજા પાસે આવેલ રામજી મંદિર ખાતે રામભકત શ્રધ્ધાળુઓ દ્વારા શ્રીરામ જન્મોત્સવ નિમિત્તે હિંડોળા ઝુલાવવાનો પ્રસંગ ભકિતભાવ ભર્યા માહોલમાં ઉજવવામાં આવ્યો હતો.





આ પ્રસંગે મંદિર ખાતે પાટણના છીંડીયા દરવાજા યુવક મંડળ દ્વારા મામેરાની સામગ્રી મંદિર ખાતે વાજતે ગાજતે લાવવામાં આવી હતી. જેમાં ભગવાનના વાઘા, મુગટ, સીતામૈયાના કપડા, સુકો મેવો અને ફળફળાદીનો સમાવેશ થાય છે.

ત્યાર બાદ શહેરના છીંડીયા દરવાજા વિસ્તારના રામજી મંદિર ખાતેથી બપોરે બે કલાકે ભગવાન શ્રી રામની ૭મી ભવ્યાતિભવ્ય શોભાયાત્રા પ્રસ્થાન પામે તે પહેલા કોંગ્રેસના લોકસભાના ઉમેદવાર ભાવસિંહ રાઠોડ દ્વારા ભગવાન શ્રી રામની આરતી કરવામાં આવી હતી.

ત્યાર બાદ અહીં ઉપસ્થિત આગેવાનો જોધાજી ઠાકોર, પાટણના ધારાસભ્ય રણછોડભાઈ રબારી, મનોજ પટેલ, જે.કે. પટેલ, મનસુખભાઈ પટેલ, ભરત ભાટીયા, વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગદળના કાર્યકરો સહિતના અગ્રણીઓએ આરતી ઉતારવાનો લાભ લીધો હતો. બાદમાં ભગવાન શ્રી રામ, લક્ષ્મણ અને સીતાજી નવા આભુષણો, અલંકાર તથા નવા વસ્ત્રો પરિધાન કરાવી રુપામંડિત વિશાળ નવનિર્મિત રથમાં બિરાજમાન થઈને શોભાયાત્રા સ્વરૂપે નગરચર્યાએ નીકળ્યા હતા ત્યારે રથયાત્રા પ્રસંગે વિહિપના સંત કેન્દ્રીય માર્ગદર્શક મંડળના સદસ્યો, શહેરના આગેવાનો સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. આ શોભાયાત્રા નિર્વિધ્ને અને શાંતિપૂર્ણ માહોલમાં સંપન્ન થાય તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. જેમાં પીઆઈ, પીએસઆઈ કક્ષાના અધિકારીઓની સાથે પોલીસ કર્મીઓ, હોમગાર્ડ જવાનો પણ બંદોબસ્તમાં જોડાયા હતા.

ભગવાન રામની આ શોભાયાત્રામાં નિશાન ડંકો, છત્રપતિ શિવાજી, મહારાણા પ્રતાપ સહિત રામજી મંદિર ભજન મંડળ, ગાયત્રી મંદિર ભજન મંડળી, જલારામ મંદિરોની સાથે સામાજિક સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા જુદી જુદી ઝાંખીઓ રજુ કરાઈ હતી.

## સિધ્ધપુરમાં નિવૃત્ત કર્મચારી સન્માન સમારોહ યોજાયો

સિધ્ધપુર, તા.૮

સિધ્ધપુર ખાતે બાવનગોળ તેજાનંદ બ્રાહ્મણ વિકાસ ટ્રસ્ટ-સિધ્ધપુર આયોજીત નિવૃત્ત કર્મચારી સન્માન સમારોહ તાજેતરમાં યોજાયો હતો. જેમાં શાલ ઓઢાડી પુષ્પાહાર અને સ્મૃતિચિહ્ન સન્માનપત્ર અર્પણ કરીને મહાનુભાવોએ સન્માન કર્યું હતું.

આ કાર્યક્રમમાં નિવૃત્ત આસિસ્ટન્ટ કમિશનર ડાહ્યાભાઈ શ્રીમાળી અને નિવૃત્ત પ્રો. હિરાલાલ જોષીએ દિપ પ્રાગટય કરી કાર્યક્રમને ખુલ્લો મુકયો હતો. જયારે ગુજરાત ગુરૂ બ્રાહ્મણ સમાજના પ્રમુખ ગૌતમભાઈ ગેડિયા અને મહામંત્રી જયંતિભાઈ શ્રીમાળી સહિત તમામે પ્રાસંગિક પ્રવચનોમાં સમાજનું ઋણ અદા કરવાના અવસરને બિરદાવી આગામી દિવસોમાં યુવક યુવતીઓના શિક્ષણ પર વિશેષ ભાર મુકયો હતો અને યુવાનોને સંગઠિત થઈ સમાજ વિકાસ માટે કાર્યરત થવા આહ્વાન કર્યું હતું.

કાર્યક્રમના પ્રારંભમાં સંસ્થાના પ્રમુખ શશીવદન શ્રીમાળી અને હરેશ જોષીએ કાર્યોની રૂપરેખા આપી હતી. જેનું સંચાલન ડાહ્યાભાઈ શ્રીમાળીએ કર્યું હતું.

# ગાજણમાં ચાલતા અમરસિંગનો દારૂનો અડ્ડો બંધ કરાવવા કલેક્ટરને રજુઆત કરાઈ

### જિલ્લા કલેક્ટરે બોલાવેલી મિટીંગમાં દારૂના અડ્ડાની રજુઆત કરાઈ

મોડાસા, તા. ૮

અરવલ્લી જિલ્લા કલેક્ટરે આજે ચૂંટણીલક્ષી ચાલતા ૩ દારૂના અડ્ડાબંધ કરાવવા રજુઆત કરતાં જિલ્લા કલેક્ટરે આ મુદ્દો ગંભીરતાથી લીધો હતો. હવે જોવુ રહ્યું કે પોલીસતંત્ર સુધરે છે કે કેમ ?

અરવલ્લી જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટે આજે ચૂંટણીલક્ષી કામગીરી બાબતે પત્રકારોની મિટીંગ બોલાવી હતી. શરૂઆતમાં ચૂંટણીલક્ષી કામગીરીની વિગતો આપ્યા બાદ જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટે રાજ્યની બોર્ડર પરથી રોજબરોજ ઝડપવામાં આવતા દારૂની વિગત આપી હતી. ત્યારે મોડાસાના એક પત્રકારે મોડાસા તાલુકામાં ચાલતા ૩ વિદેશી દારૂના અડ્ડા બાબતે કલેક્ટરનું ધ્યાન દોર્યુ હતુ.

જેમાં મોડાસાના ગાજણમાં ચાલતા અમરસિંગના અડ્ડા બાબતે ગંભીર રજુઆત થઈ હતી. આ જગ્યા પર વિદેશી દારૂનો મોટો જથ્થો છે છતાં પોલીસને દેખાતુ નથી ? આ ઉપરાંત રૂરલ પોલીસ સ્ટેશનમાં પત્રકારે લેખીતમાં રજુઆત કર્યા છતાં આજદિન સુધી કાર્યવાહી થઈ નથી તેવી રજૂઆત કરાઈ હતી. આ બાબતે જિલ્લા કલેક્ટર બી.જે. ભટ્ટે ગંભીર બની આ મુદ્દાની નોંધ લીધી હતી. નવાઈની વાત તો એ છે કે જિલ્લા પોલીસવડા મયુર ચાવડા ઈમાનદાર હોવાની છાપ ધરાવે છે. પણ તેમના હાથ નીચેનું પોલીસતંત્ર ઈમાનદાર કેમ બની શકતું નથી ? તે નવાઈ ઉપજાવે તેમ છે. એકલુ મોડાસા જ નહી મેઘરજમાં પણ પુલના છેડા ઉપર રમેશનો અડ્ડો ધમધમે છે છતાં મેઘરજ પોલીસને દેખાતુ નથી. આ બાબતે જિલ્લા કલેક્ટર રૂબરૂ તપાસ કરે તો સફળ, સાચી, નિષ્પક્ષ, ન્યાયી ચૂંટણીઓ યોજાશે તેમ બે મત નથી.


(તસવીર : ભરત પરમાર, ધાનેરા)

ધાનેરાની વી.એન. સવાણી શાળામાં અભ્યાસ કરતા ધોરણ-૮ના વિદ્યાર્થીઓનો વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ અને વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## પ્રાંતિજમાં વિશ્વ આરોગ્ય દિનની ઉજવણી કરાઈ

પ્રાંતિજ, તા.૮

૭મી એપ્રિલ વિશ્વ આરોગ્ય દિન નિમિત્તે પ્રાંતિજના બ્લોક હેલ્થ સેન્ટર ખાતે કર્મચારીઓ દ્વારા વિશ્વ આરોગ્ય દિનની ઉજવણી કરવામાં આવી હતી.

વિશ્વ આરોગ્ય દિનની ઉજવણી પ્રસંગે પ્રાંતિજ બ્લોક હેલ્થ ઓફિસર ડૉ. ગૌતમ નાયકે મચ્છરજન્ય રોગો, પાણીજન્ય રોગો, ચિકનગુનિયા જેવા રોગો સામે આગોતરા આયોજનો તથા જાગૃતિ સંદર્ભે કર્મચારીઓને સજાગ રહેવા આહવાન કર્યું હતું. ઉપરાંત જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. મનીષ ફેન્સીએ પણ કર્મચારીઓને માહિતી અને માર્ગદર્શન આપ્યું હતું. આ ઉજવણીમાં મોટી સંખ્યામાં આરોગ્ય વિભાગના કર્મચારીઓ અને અધિકારીઓ જોડાયા હતા.

ટચુકડી
જાહેર ખબર
દર ગુરુવારે રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧

# પાટણના લીંબચધામમાં ભવ્ય પાટોત્સવ યોજાયો

પાટણ, તા. ૮

આજે ચૈત્ર માસની આઠમ હોવાથી આ આઠણને લોકો શ્રદ્ધાપૂર્વક મા આદ્યશક્તિની આઠમ તરીકે ઓળખતા હોય છે અને જેથી કરીને વિવિધ સમુદાયના લોકો પોતાની કુળદેવીને આ દિવસે વિશેષ પૂજા-અર્ચના કરી નૈવેધ ધરાવતા હોય છે ત્યારે પાટણ સ્થિત સાલવીવાડા ખાતે આવેલા લીંબચ માતાની પોળમાં છેલ્લા ૧૨૦૦ વર્ષથી મા લીંબચનું મંદિર આવેલુ છે. આદિકાળમાં આ મંદિર ઘરમંદિર તરીકે હતુ પરંતુ ૧૯૯૧માં આ મંદિરનો નવો જીર્ણોદ્ધાર તરીકે શિખરબંધ મંદિર બનાવવામાં આવ્યુ હતું. લીંબચમાતાએ રબારી, બ્રાહ્મણ, મોચી, દરજી, વાળંદ અને શાહના પણ કુળદેવી હોવાથી અહીં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શનાર્થે આવતા હોય છે. ત્યારે આજે માતાજીનો પાટોત્સવ હોવાથી ખેરાલુ, મધ્યપ્રદેશ, અમદાવાદ, વડોદરા સહિત દુરદુરથી શ્રદ્ધાળુઓ પગપાળા યાત્રાસંઘ લઈ પોતાની બાધા-માનતા પુરી કરવા આવ્યા હતા. ત્યારે ગાંધીનગરથી પણ પાટણ લીંબચ માતા પગપાળા યાત્રા સંઘ પાટણ મુકામે આવી આજે આઠમના દિવસે લીંબચમાતાના મંદિરે ધજા-નેજા ચડાવી પોતાની બાધા-માનતા પૂર્ણ કરી હતી.

પ્રતિવર્ષની જેમ આજે પણ ચૈત્ર સુદ આઠમ હોવાથી માતાજીના ધામમાં યજ્ઞ સહિતની ધાર્મિકવિધિઓ સંપન્ન કરવામાં આવી હતી. તો દૂરદૂરથી આવેલા પગપાળા યાત્રા સંઘના યાત્રિકો અને પાટણની ધર્મપ્રેમી જનતાએ આજે પાટોત્સવ નિમિત્તે દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી. તો ભક્તોએ માતાજીને શ્રીફળ, ચુંદડી, કંકુ સહિત રોકડ રકમમાં પણ દાન આપી પોતાની માનતા પુરી કરી હતી. આ પ્રસંગે પાટણના ધારાસભ્ય રણછોડભાઈ રબારીએ પણ ખાસ ઉપસ્થિત રહી માતાજીના દર્શનનો લાભ લીધો હતો. અને તેમના સમર્થકો પણ તેમની સાથે ઉપસ્થિત રહ્યા હતા.

તો આજે આઠમ હોવાથી મંદિર પરિસર ખાતે નવચંડી હવનનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેના દર્શનનો લાભ ધર્મપ્રેમી જનતાએ મોટી સંખ્યામાં લીધો હતો.

ગાંધીનગરવાસીઓવા અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય
મોર્ડન મોટર્સ
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર
ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧
સુવિધાઓ
● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ
EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર
કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર
પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...
સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી
એક્સક્લુસિવ શો-રૂમ
AGL TILES WORLD Radhe ENTERPRISE
પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧